નમસ્કાર ગાંધીનગર

પમરાટ

નિવેદન આ સમય મારું ખુલાસાવાર માંગે છે,
દલીલો તર્કસંગત છે છતાં આધાર માંગે છે.

શિબિની જેમ સતના પારખા લેવાય મારામાં,
એ જોખીજોખી માંગે છે ને ભારોભાર માંગે છે.

તમે ચારેતરફથી તેજના કિરણોથી ઘેરાયા,
હૃદય છે ને સતત સહવાસનો. નિર્ધાર માંગે છે.

- દીપલ ઉપાધ્યાય ’ફોરમ’

પાથેય

- રમેશ ઠક્કર

સમયની તાવણી

સમયનું ચક્ર ચાલતું રહે છે,અવિરત.એની ચાલ કોઈને સમજાતી નથી.સમય પોતે કશું જ બોલતો નથી કે, નથી ખોલતો પોતાના રહસ્યનું જાળું.કહેવાય છે કે સમય સમય બલવાન હૈ,નહીં મનુષ્ય બલવાન ! આપણે જાત જાતની ધારણાઓ થકી જીવતા રહીએ છીએ.સમય આપણી કસોટી કરે છે. આપણાં નિવેદન,આપણું વર્તન, એના માટે ખુલાસા માગે છે. આખરે તો આપણે સૌએ સમયની કસોટીમાં પાર ઉતારવાનું છે.આપણે ગમે તેટલી દલીલો કરીએ એની પાછળ કોઈ ચોક્કસ તર્ક હોવો જોઈએ.કોઈક આધાર હોવો જોઈએ. સમય કોઈની સાથે ભેદભાવ રાખતો નથી. એ તમામને એક સરખી રીતે? તાવે છે.જગતની અમીરી ગરીબી, ઉચ્ચ,નીચ, પ્રદેશ વિદેશ, એવા કોઈ ભેદભાવો એની સામે હોતા નથી.. એ રીતે જોઈએ તો સમય લાગણી શૂન્ય છે.બીજી રીતે જોઈએ તો એ શૂન્યતાની નીચે એક ચોક્કસ લય રહેલો છે.ચોક્કસ ગતિ? રહેલી છે.જે વાસ્તવને નિશ્ચિત ગંતવ્યસ્થાન સુધી લઈ જાય છે.

સત્ય માટે જીવી ગયેલા લોકોની વાતો અને ગાથાઓ યુગો સુધી ગવાતી રહે છે.જુઠાણાનો જયજયકાર કરી ક્ષણિક આનંદ માણતા લોકો સમયની ગર્તામાં ગાયબ થઈ જતા જોવા મળે છે.હંમેશા સત્યનો જય થતો રહે છે.આપણું તો એ સૂત્ર પણ છે.આપણા દેશમાં કેવા કેવા સત્યવાદીઓ થઈ ગયા છે ? જેમણે જગતના સુખદ અનુભવોથી.. કેટકેટલી લાલચોથી ઉપર ઉઠી સત્યનો જયજયકાર કર્યો છે.એવા લોકોએ પોતાનું નામ ગૌરવ યાદીમાં અંકિત કર્યું છે.આપણે હરખભેર એમનો ઉલ્લેખ કરી શકીએ છીએ.સત્યવાદી રાજા એટલે હરિશ્ચંદ્ર. સત્યની વાત આવે એટલે આ જ નામ આપણા હોઠે આવી જાય.એવા જ રાજા એટલે શિબી રાજા.જેણે એક નિર્દોષ પંખી માટે પોતાની જાતનાં પારખાં આપ્યાં.પોતાના હાડમાંસ આપી આપી એક પંખીની પડખે રહેલા સત્યને ઉજાગર કર્યું હતું.

સત્યની કસોટી કરનાર હંમેશાં કઠોર હોય છે.એ એના બદલામાં જોખી જોખીને માંગતા હોય છે.બારોબાર માંગતા રહે છે.આખરે એ સત્યની કસોટીમાંથી પસાર થનાર માણસ એક દૈદિપ્યમાન આભા સાથે પોતાનું નામ અંકિત કરી જાય છે.. સત્ય ક્યારેક ધીમું પડે છે પણ એ ગાયબ થતું નથી.એની ગતિ ઘણીવાર અકળાવનારી બની જાય છે.પણ છેવટે એ આપણને એક વિશ્વાસ આપી જાય છે.એ રીતે જ આ જગતનો કારોબાર ચાલતો રહે છે.

ઝાકમઝોળનું એક વર્તુળ હોય છે. એની આભામાં ભલભલા અટવાઈ જાય છે. સત્ય ઘણી વખત હિબકે ચડી જાય છે. એવા વખતે જુઠાણ આવો જયજયકાર આપણા કર્ણપટલ પર અથડાતો રહે છે.માણસને સારું શું ? અને નરસું શું? એની ગતાગમ રહેતી નથી.અસત્ય જ્યારે અડધો માર્ગ કાપી નાખે છે,ત્યારે સત્ય તો હજુ જોડા પહેરતુ હોય છે,એવું કહેવાય છે.લોકો એમ પણ કહે છે કે સત્ય એક આદર્શ હોઈ શકે.વાસ્તવમાં એવું હોતું નથી.આપણે તો એથી પણ વધારે હોશિયાર સાબિત થઈએ છીએ.અને કહીએ છીએ કે જે પાણીએ મગ જડતા હોય એ જ રસ્તો સાચો ! એટલે કે દરેકનું પોતપોતાનું સત્ય હોય છે.માણસ પોતાના સ્વાર્થની વાત કે, અનુકૂલનને આખરી સત્ય માની લે છે. એટલે જ જે જાહેર સત્ય હોય છે..શાશ્વત સત્ય હોય છે એનો આપણે કદી એકરાર કરતા નથી.આમછતાં આપણી ભીતર જે હૃદય ધબકે છે સત્યની બરાબર ખબર હોય છે.એ આપણને સંકેત આપે છે.સતત એમાંથી જૂઠાણા સામેનો વિરોધ પ્રગટ થતો રહે છે. આપણી આસપાસ મોહનું કે માયાનું જે પડ વીંટળાયેલું છે,એ આપણને આ અવાજ સાથે સંવાદ સાધવા દેતું નથી.એટલે જ હૃદય સતત નિર્ધાર માંગે છે ચારે તરફ તેજોવલય જેવાં કિરણોથી પ્રભાવિત થયેલો માણસ કઈ રીતે સત્યને પામી શકે ? આ બાબત કવિ માટે મહત્વની બની જાય છે.એટલે જ એ પોતાનું નિવેદન તબક્કા વાર અને ખુલાસા વાર કરતો રહે છે.. સત્યને ઉજાગર કરતો રહે છે.

અનુભવોથી મોટી કોઈ નિશાળ આપણા જીવનમાં હોતી નથી



‘અનુભવોથી મોટી કોઈ નિશાળ આપણા જીવનમાં હોતી નથી’ એવું વાક્ય કોઈ કહે ત્યારે એક સવાલ એ પણ થાય કે તો શું આ બધા એમના પોતાના અનુભવો હશે ? ના, એવું પણ નથી હોતું. અનુભવો વ્યક્તિગત પણ હોય અને સામૂહિક પણ હોય. એના અવલોકન અને અભ્યાસ પછી એ અનુભવોમાંથી કોઈને કોઈ વિચાર, કોઈને કોઈ દર્શન માણસને પ્રાપ્ત થાય છે. કૉલેજનો એક વિદ્યાર્થી હવે કૉલેજમાં ભણે એટલે ઉંમર પ્રમાણે હોવા જોઈએ અને ના હોવા જોઈએ એવા ઘણા ગુણો એનામાં હોઈ શકે. પરંતુ આ છોકરાની છાપ સામાન્ય સીધા સાદાને મહેનતું છોકરાની.... તકલીફ એક જ એના પિતાએ નોંધી અને સમય આવ્યે એને પાંચ વાર એના વિશે વાત કીધી...

એ યુવાન બહારની દુનિયામાં ઓછું બોલે, બસ ટાઈમ ના આવે કૉલેજમાં ન્યાય ના મળે, એકેડમીક સ્ટાફ પાસે એક જ કામે વારંવાર જવું પડે, પબ્લીક ટ્રાન્સપોર્ટમાં મુસાફરી કરવાની થાય, હોટેલમાં જમવાનું હોય, ટ્રાફીક હોય, જયાં જયાં એની નજરે અન્યાય દેખાય ત્યાં ત્યાં કશું ના બોલે. ઘરમાં જયારે એના પરિવારના સભ્યો સાથે કે અતિ નિકટના દોસ્તો સાથે વાત કરતો હોય અને એને અનુકૂળ સ્થિતિ ના આવે તો ઊંચા અવાજે, તોછડાઈથી વાત કરે, પાછો પોતાનો પક્ષ લેવા એવી રજૂઆત કરે કે, હું ખોટો હોઉં તો કહો ....!!! સ્વાભાવિક રીતે પિતાએ એને અનેકવાર સમજાવ્યો કે આપણે સાચા છીએ તો બહાર કેમ અન્યાય સામે અવાજ ઉઠાવતા નથી ? ત્યાં કેમ ચૂપ રહીએ છીએ ? એ જ સ્થિતિમાં પરિવારના સભ્યો સાથે કેમ ઉદ્ધતાથી વાત કરે છે ? હવે આ ઉદાહરણ આપણી આસપાસ ઘણી જગ્યાએ જુદા જુદા સ્વરુપે જોવા કે સાંભળવા મળી શકે ? જરૂરી નથી કે દરેકને આવો અનુભવ થાય.... મહત્ત્વનો છે એ અનુભવમાંથી પ્રાપ્ત થતો સંદેશ કે આપણે સાચા છીએ એટલે ઊંચા અવાજે, તોછડાઈથી વાત કરવાનો અધિકાર આપણને કયારેય અને કયાંય મળતો નથી. સાચા હોઈએ અને વાત સાથે સહમત ના હોઈએ તો પણ વિરોધ કરવાની એક મર્યાદાપૂર્ણ રીત હોય !!!

એક ભાઈ જયારે પણ તક મળે ત્યારે એવું બોલતા ફરે કે ‘આપણા મન પર, બુદ્ધિ પર આપણો જ કબજો હોવો જોઈએ.’ આ માટે બે ચાર દષ્ટાંતો પણ આપે અને પછી એમના જીવનમાં કયાંક કયારેક ગુસ્સો કરે, ન બોલવાનું બોલે, બ્લડ પ્રેશર વધી જાય, ટેન્શન વધે ત્યારે પાછા, એકસ, વાય કે ઝેડ વ્યક્તિના નામ લઈને એણ કહે કે ‘આમના કારણે મારા વિચારો દૂષિત થયા, મારાથી ના બોલવાનું બોલાઈ ગયું.’ હવે એમાં કયાં મેળ બેસે છે? પરંતુ આપણા માટે લેવાનો બોધપાઠ એક જ કે, આપણે તો આવું નથી કરતા ને !!! જો કરતા હોઈએ તો અટકી તો શકીએ ને !!! જરૂરી હોય છે એવલોકન....

માનવીય સંબંધોમાં જાતજાતના સામાજિક - આર્થિક વ્યવહારોમાં આવા અનેક કિસ્સા બને છે, આપણે વાંચીએ કે.... સાંભળીએ છીએ, મહત્ત્વનું એ હોય છે કે એ ઘટનાને આપમા મનમાં - હૃદયમાં જગ્યા આપવી કે નહિ ? જગ્યા આપવી તો કેટલી ? કયાં સુધી ? આટલી સમજણ કેળવાય તો દરેક વ્યક્તિના અનુભવોમાંથી પણ આપણે આપણા ખપ મુજબનું લેસન એટલે કે બોધપાઠ લઈ શકીએ.... આપણે ત્યાં વડીલો, એમ કહો કે અનુભવીઓ એવું બોલે છે કે ‘ખાડો હોય અને એમાં કોઈ પડે તો પાછળ આવનારે ધ્યાન રાખીને એ ખાડાથી દૂર થઈ જવું જોઈએ. ખાડામાં પડવાથી શું થાય ?’ કેટલી પીડા થાય એ જાણવા બધાએ ખાડામાં પડવાની જરૂર થોડી છે ? કોઈ એકનો અનુભવ બીજાના માટે પણ બોધરૂપ બની શકે એટલે જે કદાચ નાટકો- સિનેમા કે વેબ સિરીઝના પાત્રોમાં જે જે ભાવ અભિવ્યક્તિઓ થાય છે. એમાં કાવ્યોમાં ને ગીતોમાં, પ્રવચનોમાં ને સત્સંગમાં જે રજૂ થાય એમાં આપણને આપણા હૃદયની ભાવનાનું પ્રતિબિંબ દેખાય છે.

અવલોકન, અભ્યાસ, અનુભવ અને અનુભૂતિ આ બધામાં ફર્ક છે, એ ફર્કને આ ભેદને જે સમજે, જે પામે અને એને અનુરુપ પોતાના જીવનમાં એના થકી આચાર - વિચારનું પોતાની જરૂરિયાત મુજબ અમલીકરણ કરે તના જીવનમાં બીજાના અનુભવો થકી પણ સમજણના અજવાળા રેલાય છે.

આંબેડકરનો સંદેશ સંઘર્ષ અને સ્વમાનનો

‘જે સમાજમાં હું જન્મ્યો છું તે દલિત સમાજ ઉપરના અન્યાયી, ધૃણાજનક, ગુલામીયુક્ત અત્યાચારોને દૂર કરીને જ હું જંપીશ અને તે અત્યાચારોને દૂર કરવામાં હું નિષ્ફળ નીડવીશ તો બંદુકની ગોળી છોડીને મારા દેહનો અંત આણીશ.’ આવું માનનારા ડૉ. બી.આર.આંબેડકર (૧૪-૪-૧૮૯૧ થી ૬-૧૨-૧૯૫૬)નો આજે નિર્વાણ દિન છે. છેક છેલ્લા મહિનાઓમાં તેમણે હિન્દુ ધર્મનો ત્યાગ કરી બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો હતો. જીવનના શેષ દિવસોમાં તેઓ બૌદ્ધધર્મને ભારતમાં ફરીથી પ્રતિષ્ઠિત કરવામાં સમય આપવા માગતા હતા. પરંતુ તે સંકલ્પ પાર ન પડ્યો. ૫મી ડિસેમ્બર, ૧૯૫૬ની રાત્રે બુદ્ધ અને તેમનો ધમ્મ ’ એ પુસ્તકની પ્રસ્તાવના લખી બાબાસાહેબ સૂઈ ગયા અને બીજા દિવસની સવારે અંતિમ યાત્રાએ ઉપડી ગયા !

બંધારણના પિતા મનાતા ડૉ. આંબેડકર બંગાળમાંથી બંધારણસભામાં ચૂંટાઈ આવ્યા હતા. મુસદ્દા સમિતિના અધ્યક્ષ નીમાયા હોવાને કારણે બંધારણ ઘડતરનું પાયાનું કામ તેમણે કર્યું હતું. સ્વતંત્ર ભારતના તેઓ પ્રથમ ન્યાય અને કાયદા ખાતાના પ્રધાન હતા. પ્રખર વિદ્યાપુરુષ, લડાયક રાજનેતા, વિદ્રોહી સમાજસુધારક એવા આંબેડકરને ૧૯૯૦માં ભારતે ‘ભારતરત્ન’ ઈલકાબથી મરણોત્તર સન્માન આપ્યું હતું.

તેમના સમયના જાહેર નેતાઓમાંથી સૌથી વધુ ડીગ્રી ધરાવનાર આંબેડકર હતા. કોલંબિયા યુનિ.માં અને લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં તેમણે અભ્યાસ કર્યો હતો. મુંબઈની કૉલેજમાં વિદ્યાર્થીઓને કાયદાનો અભ્યાસ કરાવ્યો હતો અને સિદ્ધાર્થ લૉ કૉલેજની તેમણે સ્થાપના પણ કરી હતી.

આખી જિંદગી તેઓ જ્ઞાતિપ્રથાના દૂષણોનો ભોગ બન્યા. એમનો અભ્યાસ, એમની વિદ્વતા કશું જ કામ ન લાગ્યું અને અછૂતપણાનો અનુભવ કરવાનો વારો વારંવાર આવ્યો. એમનો જેટલો વિરોધ અને તિરસ્કાર થયો છે એટલો કદાચ ભારતના અન્ય કોઈ પણ નેતાનો થયો નથી. બીજો કાચોપોચો માણત હોત તો હતાશા અને નિરાશામાં કામ છોડીને ભાગી ગયો હોત ! પણ, આંબેડકર એ બધા સામે અડીખમ ઊભા રહ્યા જેમ આજે એમની અસંખ્ય પ્રતિમાઓ ઊભી છે. તેમણે કહ્યું : આ વિચારો એક એવા માનવીના છે જે સત્તાનું પ્યાદુ બન્યો નથી, જેને કોઈની મોટાઈની ભાટાઈ કરી નથી. આ વિચારો એક એવા માનવીના ઉદ્‌ગારો છે. જેનું સંપૂર્ણ જીવન ગરીબો અને દીનદલિતોની મુક્તિ માટે સંઘર્ષરત રહ્યું છે. એના પુરસ્કારરૂપે દેશના અખબારોએ પત્ર-પત્રિકાઓએ તથા દેશના નેતાઓએ ગાળોનો અને આક્ષેપોનો સતત વરસાદ વરસાવ્યો છે.’

ગાંધી અને આંબેડકર એમ એકબીજાને સામે મૂકીને જે લોકો જુએ છે તેમણે સમજવાની જરૂર છે કે બંનેનો ધ્યે અસ્પૃશ્યતા સામે લડવાનો હતો. બંનેની રીત સ્વાભાવિકપણે જ જુદી હતી. બંને એકબીજાના વિચારો સમજતા હતા અને એકબીજાની મતભિન્નતાનો આદર કરતા હતા. ગાંધી સમજાવટ અને પ્રાયશ્ચિત ઈચ્છતા હતા અને આંબેડકર સામાજિક ન્યાય માટેનો સંઘર્ષ. ‘શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો’ એમ આંબેડકર દલિતોને કહેતા હતા. બંને મહાનુભાવોના પ્રયાસો છતાં હજુ અસ્પૃશ્યતા પૂરેપૂરી નાબુદ થઈ નથી ! ભલે તેના અંકોડા થોડા ઢીલા પડ્યા હોય!

ગાંધી અને આંબેડકર અને તેમના સમયના બીજા નેતાઓએ દેશની આઝાદી અને સમાનતામૂલક સમાજ જેવી બાબતો પર ભાર મૂક્યો હતો. દેશને બંધારણ મુજબ ચલાવવા માટે એક દીવાદાંડી સ્થાપી હતી. મૂળભૂત અધિકારો અને નીતિમત્તા પર ભાર મૂક્યો હતો. રાષ્ટ્રાદ અને માતૃભૂમિના રક્ષણ બાબતે તેમાં કોઈ વર્ગ કે કોમની બાદબાકી કરી ન હતી. રાષ્ટ્રનિર્માણ માટે વ્યક્તિગત ભોગ આપવાની બાબતે બધા એકમત હતા. આજે આ શાશ્વત મૂલ્યોને ફરીથી પ્રસારિત કરીને તેને ચરિતાર્થ કરવાની જરૂર છે. સમાજની ઉન્નતિની દિશા કઈ છે તે બાબતે સ્પષ્ટ સમજ કેળવવાની જરૂર છે. સમાજનો ઢાંચો જયાં સુધી નહિ બદલી શકીએ ત્યાં સુધી પ્રગતિના રૂપમાં આપણે ખાસ કશું પામી શકવાનાં નથી.

દેશના મહાન નેતાઓને યાદ કરતી વખતે એમનાં પાયાનાં મૂલ્યોને આપણા જીવનમાં ઉતારવાની વધુ જરૂર છે. મહાન સત્યાગ્રહ વખતે કોઈકે એમને સલાહ આપી કે બ્રાહ્મોને તમારી સાથે રાખશો નહિ. ડૉ. આંબેડકરે ત્યારે સ્પષ્ટતા કરી હતી કે, ‘હું બ્રાહ્મણોની વિરુદ્ધ નથી, બ્રાહ્મણવાદની વિરુદ્ધ છું અને આ બ્રાહ્મણવાદ માત્ર બ્રાહ્મોમાં જ છે એવું નથી. તેને જાતિ મર્યાદા નથી.’

જવા દો ને યાર ! મારે શું ? મારે કેટલા ટકા !

આ લેખ જ્યારે વંચાઈ રહ્યો હશે ત્યારે બીજા ચરણનું મતદાન પૂર્ણ થઈ ચૂક્યું હશે બીજા ચરણમાં કેટલા ટકા મતદાન થયું છે તે આ લખતી વખતે હજી ખબર પડી નથી પરંતુ એક તારીખે પ્રથમ ચરણના મતદાન વખતે મતદારોના નિરસ અભિગમના કારણે મતદાન ઓછું થયું તે આપણે સૌ જાણીએ છીએ. અને દુઃખ સાથે કહેવું પડે કે આવો આ નિરાશાજનક ટ્રેન્ડ બીજા ચરણમાં પણ રહેશે જ તેવું લાગી રહ્યું છે. અને તેમાં પણ કહેવાતા શિક્ષિત અને શહેરી લોકો ઘરની બહાર નીકળીને મત આપવા ન ગયા. જો કે આ કંઈ આ વખતની જ વાત નથી. ચૂંટણીમાં દર વખતે શહેરનો અને શિક્ષિત મતદાર જવા દો ને યાર મારે શું ? આવી માનસિકતામાં જ રચ્યોપચ્યો રહે છે તે સર્વવિદિત છે. અને આ માત્ર મતદાન કરવા પૂરતું જ મર્યાદિત નથી. અરે, જવા દો ને યાર ! મારે શું? મારે એમાં કેટલા ટકા? મારું શું બગડી જવાનું છે? મારે ક્યાં કાંઇ લેવાદેવા છે ? આખા દેશમાં ભ્રષ્ટાચાર ચાલ્યા કરે છે, તો ચાલવા દો, મારે શું ? લોકો ભૂખથી મરી રહ્યા છે, મારે કેટલા ટકા ? ડોનેશનિયા સેલ્ફ ફાયનાન્સ કોલેજોની માર્કેટમાંથી લાયકાત વગરની પ્રોડક્ટ (ડૉક્ટર, એન્જિનિયર, શિક્ષક) બહાર નીકળી રહી છે. પણ મારે શું? થવા દો ને, જે થવું હોય તે, હું સાધારણ માનવી આ બધી પળોજણમાં પડું પણ શું કામ ? મારે મારી જંજાળ ઓછી છે કે આ બધું વિચારવા બેસું !

રાજકારણીઓ બૂમો પાડી પાડીને એકબીજાની ભાટાઈ કરવામાં અને એટલી જ ઝડપથી એકબીજાને ભાંડવામાં પાછું વળીને જોતા નથી. પ્રાથમિક શાળાના પગથિયા ઊતરી ગયા પછી ફરી વિદ્યા ઉપાસના કરવામાં જેમણે પોતાનો કીમતી સમય બગાડ્યો નથી પણ મેદાનમાં કબડ્ડીની રમતમાં મહારથ મેળવ્યા પછી હવે રાજકારણના અખાડામાં એ જ્ઞાનનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે એવા આપણા રાજકારણીઓ ! આપણા દેશનું સુકાન સંભાળે છે, પણ તો શું થયું ? મને શું ફરક પડે છે ? અને ફરક પડે તો પણ હું શું કરી શકું ? સવારે ૯ થી ૬ની નોકરી અને ૬ વાગે આવીને ટી.વી. પર આજતકની ખીટપીટ, રિયાલિટી શોના નાટકીયા ડેંડાટ, એકતાની ભાંગફોડિયા સિરિયલ, છોકરાઓના હોમવર્કની ચિંતા, શાક-દૂધના પૈસાનો કિસાબ, ટી.વી., ફ્રીઝ, બાઈક કે કારના હપ્તાની ગોઠવણી અને ઘરવાળી સાથેની ચડ-ભડમાં દિવસ જાય છે ! આવા કામોના ભાર વચ્ચે, અનામતના મુદ્દે ઉંદર બિલાડીની જેમ બાઝતા વિદ્યાર્થી અને ચબરાક નેતાઓના નિર્ણય વિશેના મંતવ્ય હોય, ન્યૂઝ ચેનલ પર ઓપિનિયન માગના ચેનલવાળા, ‘હા’ કે ‘ના’ ટાઈપ કરીને ૪૨૦ પર મોકલવાનું કહે ! મહિને મોબાઈલનું બિલ તો મારે ભરવાનું ને ! પણ મારે શું ?

આખા દેશમાં સૌથી સુરક્ષિત રાજ્ય આપણું ગુજરાત છે ! જયારે દિલ્હીમાં સાંજે છ પછી બહેન, દિકરીઓ બહાર નીકળતી નથી. પૂર્વના બધા રાજ્યો તો જાણે કોઈ બીજા દેશનો ભાગ હોય તેમ ત્યાં જઈએ તો પૂછે છે કે, ’તમે ભારતમાંથી આવ્યા ?’ આવી તો હાલત છે બીજા રાજ્યોની ! અને વળી પાછા શાંતિની અને માનવ અધિકારની શાણી વાતો સમજાવવા આપણને આવે છે. આખી દુનિયામાં અશાંત રાજ્ય તરીકે બદનામ કરનારા દાગી લોકો છડેચોક ગુજરાતને ગાળો આપે છે અને વળી પાછા આપણને આશ્વાસન આપે છે ! પણ મારે શું એમાં ? ભલે ને બોલતા, મને ક્યાં કોઈ દેખીતી રીતે ગેરલાભ થવાનો છે ?

પણ ના હો ! ઘણીવાર પાછું થાય કે આ બધાને ખખડાવી નાખું ! મારા રોયા અમને મૂરખ સમજે છે ? આ પ્રસારણ માધ્યમો, છાપા, ટી.વી.વાળાને ધમકાવી દેવાનું મન થાય છે ! ચોવીસ કલાક ન્યૂઝ ચેનલ ચલાવવા માટે ભોપાલની ભાગોળમાં ભગરી ભેંસે સુંદર પાડીને જન્મ આપ્યો એ ન્યુઝ એક્લુઝિવના ઝબકારા સાથે આવતા હોય, તેની બીજી બાજુ સમાંતર રીતે હોલીવુડની કોઈ અનામી હિરોઈનને બેબી બોર્ન થઈ તેની જલેબી બીજી ચેનલવાળા વહેંચતા હોય ! અરે પણ અમારે ક્યાં એમને કાટલું મોકલવું છે કે, ગામમાં ઢંઢેરો પીટાવો છો ! પણ પછી થાય કે જવા દે ને માર મારે શું ?

અને આ રિયાલિટી શોના આયોજકો મળી જાય ને તો બધાને લાઈનમાં ઊભા રાખીને ઊઠ-બેસ કરાવું- અલા ભાઈ ! ખાલી ખાલી ત્રણ જજને બેસાડીને જે ગાવાનો કે નાચવાનો ડેડાંટ દેખાડો છો, તેનો કોઈ અર્થ ખરો ? ફલાણા સીંગરને કે ડાંસરને જિતાડવા એસ.એમ.એસ કરો નચ- બલિયેમાં ફલાણી જોડીને જિતાડવા એસ.એમ.એસ. કરો, - કેમ ભાઈ ! અમે તો કાંઈ ગધેડી પકડી છે ? પછી પાછું થાય કે જવા દે ને મારે શું ? અને આ છાપાવાળાને કહેવાનું મન થાય કે જો ખબર ના મળતી હોય તો છાપા બંધ કરીને ચોપાનિયા છાપો, પણ રોજ સવારે ઊઠીને કોઈ સેલિબ્રિટીના લગ્ન, તેમની જન્મકુંડળીમાં કયો ગ્રહ ક્યાં બેઠો છે તેની જાણકારી, અરે અમારે ક્યાં એના લગ્નમાં ચાંલ્લો કરવા જવું છે કે ચિંતા ? છો ને ઝઘડી મરતા. મારે ક્યાં એના સાક્ષી બનવા જવાનું છે ? પણ પછી પાછું થાય કે જવા દો ને યાર મારે શું ?

અને ઓ એકતાબેન તમને ખબર છે ? આજકાલ જે છોકરીઓ જન્મે છે તેમના નામ અમે તુલસી, પાર્વતી કે પ્રેરણા પાડી શકતા નથી. લગ્ન પછી છુટાછેડા ફરી પાછા લગ્ન આ પ્રક્રિયા તો હવે કોઈ સ્થળે પહોંચવા માટે શટલિયા રિક્ષા બે-ચાર વાર બદલીએ તેમ બે-ચાર પતિ કે પત્ની બદલાય છે. કોમોલિકા અને મંદિરા, પલ્લવી સ્ત્રી પાત્રો જ વિલન હોય, સીતા અને સાવિત્રીના દેશમાં મંથરા અને કૈકયીને આદર્શ બનાવવા માંગતી ઓ બેન ! તને થયું છે શું ? પછી પાછું થાય કે જવા દો ને ધાર ! મારે શું ? સુવિધાઓ મળી હોય અને જો અત્યારની વ્યવસ્થાથી સંતોષ હોય તો આવી સગવડ આગળ પણ મળી રહે એ માટે પણ મતદાન કરવું જોઈએ. અને જો અત્યારની વ્યવસ્થાથી અસંતોષ હોય તો પણ અવશ્ય મતદાન કરવું જોઈએ. છતાંય આપણે તો નિરસ અને શુષ્ક બની રહેવાનું. મારે શું ? એક હું મત આપવા નહીં જઉં તો શું ફરક પડી જવાનો છે? સમજ્યા ભઈપઆમ કરી કરીને જ ૧૦૦% પ્રશ્નોના સમાધાન મેળવવા માટે માંડ-માંડ ૬૦% મતદાન થાય. તેમાં પણ રખેને જે પક્ષની સરકાર બને તેને ૩૭ કે ૩૮ ટકા મત મળ્યા હોય. અને તેની સરકાર બને. ૧૦૦% લોકો ઉપર ૩૭ કે ૩૮ ટકા લોકોએ થોપેલી સરકાર રાજ કરે. અને પછી જે નિર્ણયો લેવાય તે માટે ચૂપચાપ બેસી રહેનારા લોકોને સહેવા સિવાય કોઈ છૂટકો અ નથી હોતો. ત્યારે કેવી રીતે કહેવાશે કે જવા દો ને યાર મારે શું ?

પણ યાદ રાખજો શિક્ષણની આવી જ હાલત રહી તો કાલે ઊઠીને તમારા સંતાનની યોગ્ય લાયકાત હોવા છતાં તેને એડમિશન નહીં મળે ! ત્યારે કહેજો કે મારે શું ? રાજકારણમાં આવા ધુતારાઓને આજે સહન કરી લેશો તો કાલે સવારે તમને ક્યાંયના નહીં રાખે, ત્યારે કહેજો મારે શું ? આવી સિરિયલોનો મારો ચાલુ રહ્યો તો એની અસરમાં સાસુ-વહુ,બહેન-દીકરી ઝઘડીપડે ત્યારે કહેજો કે મારે શું ? પ્રસારણ માધ્યમોના સમાચાર અને કાર્યક્રમો જોઈને છોકરા વંઠી જાય પછી કહેજો કે મારે શું ? આજે ગુજરાતને ગાળો દેનારા, કાશ્મીરમાં આતંક ફેલાવનારા ધોળા બગલા કાલે તમને ગોળીએ દેશે રે કેવી રીતે કહી શકશો કે – જવા દો ને યાર ! મારે શું ?

- jayuoza@gmail.com,
Mo.9898046488

વિવાહ એટલે બે પરિવારોના સંબંધોના નવા સમિકરણોની સંવેદનાસભર શરૂઆત

તસવીરો કરતાં તકલીફોમાં ભેગા હોય એવા સંબંધો હોવા જોઇએ

કમોરતા બેસવાની તૈયારી છે. લગ્નગ્રંથીથી જોડાવા માંગતા નવયુગલો માટે ૨૦૨૨ના આ વર્ષમાં છેલ્લા થોડા દિવસો જ હવે બચ્યા છે. પછી આવતા વર્ષે ૨૦૨૩માં જાન્યુઆરીમાં ઉતરાયણ પછી વિવાહની મોસમ ફરી મહોરશે. વિવાહ બાદ પાંગરતા નવા સંબંધોની ઉષાની વાત કરતાં પહેલાં સંબંધોની પરિભાષાની કેટલીક મજેદાર વાત કરવી પડે. પ્રત્યેક વ્યક્તિને એના સંબંધોનું એક વર્તુળ હોય છે. આ વર્તુળની પરિધિ એ સ્વયં વિસ્તારી કે સંકોચી શકે છે. ગમે કે ન ગમે, જેવો પણ સંબંધ હોય એ બાંધવા કરતા નિભાવવા માટે કળા જોઈએ. આ કળામાં જે પારંગત છે એનું જીવન સુગંધીત છે. સંબંધોની સુગંધ સહજ છે. જો કે કેટલાક સંબંધ કઠે



એવા પણ હોય. આ કઠતા સંબંધોની સાંકળ મજબુતાઈથી સાચવવી અઘરી જરૂર છે પણ મુશ્કેલ નથી. એકવાર બંધાયેલા સંબંધ ઉપર પૂર્ણવિરામ મૂકવું સહેલુ છે. મસમોટો સવાલ એ છે કે, સંબંધો વગર જીવવું શક્ય છે ખરું ?

જ્યારે સંબંધની સમજ કેળવાય અને એની અગત્યતા સમજાય ત્યારે સરળ કે કઠીન સંબંધના ભેદનો છેદ ઊડી જાય છે. બધુ એકદમ સાહજિક અને સરળ લાગે. ક્યારેય સંબંધ એક નથી હોતો. સંબંધોનું ફલક ઘણું મોટું હોય છે. સંબંધના નાના મોટા અનેક કુંડાળા વ્યક્તિની આસપાસ ગોળ ગોળ ફરતા જ હોય છે. એ વ્યક્તિની મનઃસ્થિતિ અને વ્યક્તિગત અનુભવોની પરિપાટીથી વત્તે ઓછે અંશે વિસ્તરતા કે સંકોચાતા હોય છે. જેને સાચવવાનો ભાર લાગતો હોય એ સંબંધ ન કહેવાય. જેને સાચવવો ન પડે એ જ સંબંધ કહેવાય. સંબંધમાં સાહજિકતા હોય. સંબંધની સુવાસ હોય. જેમ ફુલની સુગંધ પકડી ન શકાય માત્ર અનુભવી શકાય એમ જેની ફોરમ રોમેરોમમાં અનુભવાય એનુ નામ સંબંધ.

પ્રત્યેક નવા સંબંધ સાથે વ્યક્તિના જીવનમાં બદલાવ આવતો હોય છે. જોકે કોઈ પણ સંબંધની સાથે વ્યક્તિની સંવેદના અને સ્વભાવમાં કોઈ પરિવર્તન નથી આવતું. સંબંધના નામ અનેક છે પણ એમાં રહેલું સંવેદનાનું તત્વ તો એક જ છે. સંબંધો જ વ્યક્તિને દુન્યવી અને ભૌતિક વાતોથી ઉંચકીને આધ્યાત્મિક સત્યની ઊંચાઈ ઉપર લઈ જતા હોય છે. સાથે રડે અને સાથે હસે એવા અરીસા જેવા સંબંધોની મજા છે. વ્યક્તિની દરેક વર્તણૂંકમાં કોઈને કોઈ સ્વરૂપે એના સંબંધોની છાપ ઉપસતી હોય છે. સંબંધો જ તમામ કાર્યોનું ચાલકબળ હોય છે. ઘણા સંબંધોને કોઈ ચોક્કસ નામ નથી હોતું. એ સંબંધનો ખ્યાલ આવતા મન વિહવળ બની જાય. આવા સંબંધને નામ આપવાના ચક્કરમાં પડવા કરતા એ સંબંધની લાગણીઓને મહેસૂસ કરવી જોઈએ. જે સંબંધોનું કોઈ નામ નથી આપી શકાતુ એવા સંબંધો પણ અસીમ રીતે વિસ્તરી શકે છે. કેટલાક સંબંધોના નામ નથી હોતા જ્યારે કેટલાક સંબંધો માત્ર નામના હોય એવુ પણ બને.

જેટલી સાહજિકતાથી સંબંધ બંધાય એટલી જ સહજ રીતે એ વિકાસ પામે અને આગળ ધપે ત્યારે એ સંબંધમાંથી સાચી સૌરભ ફેલાય. સંબંધની આંખો ઉપર ક્યારેય પટ્ટી ન લગાવી શકાય. કોણ, કેટલું નજીક છે, તમને કેટલું ચાહે છે એની અનુભુતિ આપોઆપ થતી હોય છે. જ્યારે કોઇ સમજે ઓછુ અને સમજાવે વધુ ત્યારે સંબંધનુ પોત પાતળુ પડી જતું હોય છે. સંબંધોની શાળામાં ગણિતના વિષયનુ સ્થાન નથી હોતું. ઘણીવાર એવું બને કે, જે હૃદયની ખૂબ નજીક હોય એવા સંબંધોમાં સમય, સંજોગ અને વિચારોમાં આવતા પરિવર્તનથી અસર પડતી હોય છે. ક્યારેક સાથે બેસનાર વ્યક્તિ સામે છેડે થઈ જતો હોય છે. આવી સ્થિતિમાં અલગાવમાં સંબંધનું સ્વરૂપ ચોક્કસ બદલાય પણ સંબંધની ઘનિષ્ટતાનો અનુભવ થતો જોવા મળે છે. હૃદયમાં એ સંબંધની તીવ્ર અભિપ્સા જાગે ત્યારે સંબંધની ગહનતાનો અહેસાસ થાય. કમફર્ટ લેવલ પ્રમાણેના સંબંધો માત્ર ટાઈમ પાસ જેવા છે. સંબંધોમાં ટાઈમ પાસ કરવા કરતાં ટાઈમ અપગ્રેડ થાય એવા પ્રયત્નો જરૂરી છે. તસવીરો કરતાં તકલીફોમાં ભેગા હોય એવા સંબંધો વિકસે એ જરૂરી છે.

જ્યારે એક બાળક જન્મે અને પૃથ્વી ઉપર પ્રથમ શ્વાસ લે તે સાથે જ અનેક સંબંધોની પરિધિમાં એ પ્રવેશે છે. એ જ રીતે જ્યારે એ બાળક યુવાન થાય અને લગ્નગ્રંથી જોડાય ત્યારે એના સંબંધોનું ફલક અનેકગણું વિસ્તરીને આગળ વધતું હોય છે. આપણા શાસ્ત્રોમાં વિવાહ સંબંધની પરિભાષાને સુંદર રીતે અભિવ્યક્ત કરવામાં આવી છે. લગ્ન એક એવો પવિત્ર સંબંધ છે કે, એમાં માત્ર એક પુરુષ અને સ્ત્રીનું યુગલ જ નહીં પરંતુ સમગ્ર બે પરિવારોના સંબંધોના નવા સમિકરણો સર્જાતા હોય છે.

શાસ્ત્રો અનુસાર લગ્ન સમયે નવયુગલ સપ્તપદીના સાત ફેરા લે છે. એમાં નવા સંબંધોની ભાવનાત્મકતા, વિશ્વાસ અને સંવેદનાની નવી દિશાઓ ખોલવા માટે વચનબદ્ધ બને છે. વિવાહ સમયે એકમેકને અપાતા સાત વચનોમાં નવા સંબંધોને સંવેદનાસભર રીતે પરિપક્વ બનાવવાની પ્રતિબધ્ધતા છે.

સપ્તપદીના સાત ફેરામાં પ્રથમ ફેરા વખતે નવવધુ એના ભાવિ ભરથારને વચન આપે છે કે, જીવનના સુખ-દુઃખના કોઈપણ સમયે એ તેનો સ્વભાવ મધુર અને સ્નેહાળ રાખશે. બીજા ફેરા વખતે પત્નિ પતિને વચન આપતા કહે છે કે, પતિની જાણ બહાર કોઈ પુરુષને એકલામાં નહી મળે અને ઘરની બહાર નહીં જાય. ત્રીજા ફેરા વખતે વરવધૂ એકમેકને વચન આપે છે કે, કોઈ નવી બાબતનું નિર્માણ, કાર્યક્રમ કે પ્રવાસનું આયોજન એકબીજાની જાણ બહાર નહીં કરે. ચોથું વચન વર એની વધૂને એ આપે છે કે, એના કોઈપણ દાન, વ્રત અને ધર્મને લાગતા કાર્યમાં એ કોઈપણ પ્રકારની રોકટોક કરશે નહીં અને તેની મહેનતની તમામ કમાણી તે પત્નીના હાથમાં આપશે. પાંચમાં કમિટમેન્ટમાં વર એની ધર્મપત્નીને તમામ જગાએ સાથે રાખવાનું કહે છે. વધૂની સલાહ સંમતિ વગર કોઈપણ સંપત્તિનું ખરીદ-વેચાણ ન કરવાનું વર છઠ્ઠું વચન આપે છે. અને છેલ્લે વધૂ વચન આપતા કહે છે કે, એ પતિની જાણ બહાર ક્યારેય માતા-પિતાના ઘરે પિયરમાં જશે નહીં.

આમ જોવા જઈએ તો ભારતીય સંસ્કૃતિના શાસ્ત્રોમાં વર્ણવાયેલા વિવાહ સંબંધ વેળા અપાતા આ સાત વચનોના કેન્દ્રમાં નવા સંબંધો સાચવણી અને માવજત સાથે વિકસાવવાનો માર્ગ નિર્દેશીત કરવામાં આવ્યો છે. ભાવનાત્મક જોડાણ પ્રત્યેક સંબંધની સૌથી પહેલી આવશ્યકતા છે. આ ભાવનાઓ આપણા શાસ્ત્રોએ સુપેરે સુચિત કરી છે. સંબંધોની સાચી ભાવનાત્મક સુવાસમાં વ્યક્તિના જીવનનું બળ છે. પ્રત્યેક સંબંધની પોતાની આગવી આવશ્યકતા છે. આ સમજવા માટે સંન્નિષ્ઠ રીતે સમજ કેળવવાનો પ્રયત્ન કરવા પડે. સ્નેહાળ અને સંવેદનાસભર સંબંધો જ વ્યક્તિને આનંદ આપવાનો સૌથી મોટો સ્ત્રોત છે.

ધબકાર :

સાચવવા પડે એ નહીં પણ આપોઆપ સચવાઈ જાય એનું નામ સંબંધ.